# ફ્લિપકાર્ટે 100 ટકા સિંગલ-યુઝ પ્લાસ્ટિક પેકેજિંગ નાબૂદના લક્ષ્યાંકને પોતાની સંપૂર્ણ પૂરવઠા ચેઇનમાં હાંસિલ કર્યું

- **તેની પોતાની પૂરવઠા ચેઈનની પેકેજિંગમાં 2021 સુધીમાં સિંગલ-યુઝ પ્લાસ્ટિકના વપરાશને દૂર કરવાની તેની પ્રતિબદ્ધતાને રજૂ કરે છે**
- **વેચાણકર્તા ઇકોસિસ્ટમની સાથે સતત કામ કરીને સમગ્ર વેચાણકર્તા ઇકોસિસ્ટમમાં સિંગલ- યુઝ પ્લાસ્ટિક મુક્ત પેકેજિંગનું લક્ષ્યાંક પ્રાપ્ત કર્યું છે**

બેંગ્લુરુ- જુલાઈ 7મી, 2021: ભારતની હોમગ્રોન ઇ-કોમર્સ માર્કેટપ્લેસ ફ્લિપકાર્ટએ તેના ભારતના સમગ્ર ફુલફિલમેન્ટ સેન્ટર્સમાં સિંગલ-યુઝ પ્લાસ્ટિક પેકેજિંગના વપરાશને નાબૂદ કર્યું છે, તેની પોતાની પૂરવઠા ચેઇનને 2021 સુધીમાં પ્લાસ્ટિક મુક્ત પેકેજિંગ તરફ આગળ વધારવાની જાહેર પ્રતિબદ્ધતાને રજૂ કરે છે.

સમગ્ર ભારતમાં ફેલાયેલી તેની 70થી વધુ સુવિધા સેન્ટર પર ફ્લિપકાર્ટએ આ લક્ષ્યાંક હાંસિલ કર્યો છે. જ્યાં તેઓ ઇકો-ફ્રેન્ડલી પેપર શ્રેડ્સ, પોલી પાઉચીસને સ્થાને રિસાયકલ પેપર બેગ્સ, બબલ રેપની સાથે કાર્ટુન વેસ્ટ શ્રેડેડ મટિરિયલ્સ તથા ટુ પ્લાય રોલ જેવા વિકલ્પોની રજૂઆતની સાથે સિંગલ-યુઝ પ્લાસ્ટિક પેકેજિંગને નાબૂદ કર્યું છે. આ સમગ્ર પ્રક્રિયામાં ફ્લિપકાર્ટ દ્વારા એ પણ ધ્યાનમાં રાખવામાં આવ્યું છે કે, તે ઇપીઆરના દરેક નિયમોને સંપૂર્ણ સુસંગત હોય તથા તેના રિસાયકલ નેટવર્ક દ્વારા ગ્રાહકો સુધી પહોંચતા સિંગલ-યુઝ પ્લાસ્ટિકની સમાન માત્રાને પૂર્ણ રીતે રિસાયકલ કરવામાં આવે.

આ સિમાચિન્હ હાંસિલ કરતા, ફ્લિપકાર્ટએ હવે પ્રવૃતિશીલ રીતે તેના વેચાણ પાર્ટનરની સાથે કામ કરી રહ્યા છે, જે તેમના સ્થાનિક સ્થળોએથી સીધા ગ્રાહકોના ઓર્ડર પૂરા કરે છે, તેમને શિક્ષિત કરે છે અને તેમને વૈકલ્પિક મટિરિયલ્સ તરફ આગળ સક્ષમ બનાવે છે. વધુમાં, ફ્લિપકાર્ટએ આ ઇકોસિસ્ટમની સાથે પ્રવૃતિશીલ રીતે કામ કરી અને સમજીને તેને અન્ય પહેલની સાથે મેળવીને કઈ રીતે શ્રેષ્ઠ અમલી બનાવી શકાય જેથી પ્લાસ્ટિક્સ માટે એક વધુ સર્ક્યુલર અર્થતંત્ર ઉભું થઈ શકે છે, જે સમગ્ર ઇકોસિસ્ટમને વધુ સારા ભવિષ્ય તરફ લઈ જાય છે. આ પ્રોએક્ટિવ હસ્તક્ષેપ અને માર્ગદર્શન દ્વારા, ફ્લિપકાર્ટએ તેના વેચાણ ફુલફિલમેન્ટ્સમાં સિંગલ-યુઝ પ્લાસ્ટિક પેકેજિંગના ઉપયોગમાં 27 ટકા ઘટાડો પ્રાપ્ત કર્યો છે.

હેમંત બદ્રિ, સિનિયર વાઈસ-પ્રેસિડેન્ટ અને હેડ, પૂરવઠા ચેઇન- ફ્લિપકાર્ટ કહે છે, "ફ્લિપકાર્ટ ખાતે અમે સ્થિર અને જવાબદાર બિઝનેસ પ્રેક્ટિસ પર ભાર મૂક્યો છે. ત્યારે 100 ટકા સિંગલ-યુઝ પ્લાસ્ટિકને દૂર કરીને એક ટકાઉ ઇકોસિસ્ટમ તૈયાર કરવાની અમારી પ્રતિબદ્ધતા તરફ એક નોંધપાત્ર પગલું આગળ વધારીએ છીએ. કોવિડ દ્વારા અસરગ્રસ્ત એક મુશ્કેલ વર્ષમાં અમે આ કામ કર્યું એ અમારી ટીમ માટે ગર્વની વાત છે કે, અમે હંમેશા અમારી પ્રાથમિક્તાને અનુસરીએ છીએ. અમે હવે અમારા વિક્રેતા ઇકોસિસ્ટમ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ, જેથી તેઓ પણ એક ટકાઉ પેકેજિંગ વિકલ્પને સ્વિકારે અને સમગ્ર પૂરવઠા ચેઇનમાં એક સકારાત્મક તથા સામાજિક અસર ઉભી કરી શકીએ."

ફ્લિપકાર્ટ દ્વારા અન્ય કેટલીક પહેલ પણ કરવામાં આવી છે, તેમાં 'ઇ-કોમર્સ રેડી પેકેજિંગ' છે, જ્યાં ફ્લિપકાર્ટ લગભગ 15 ટકા જેટલી પ્રોડક્ટના પેકેજિંગમાં એક સેકન્ડરી લેયરનો ઉમેરો કર્યા વગર જ શિપિંગ કરે છે. ફ્લિપકાર્ટનો લક્ષ્યાંક એવો છે કે, કપડા, ઇલેક્ટ્રોનિક્સ અને હોમ ફર્નિશિંગની બ્રાન્ડમાં એક બાહ્ય લેયરની જરૂરિયાતને ઘટાડવા પર કામ કરી, તેમના મૂળ ઉત્પાદક/બ્રાન્ડ પેકેજિંગ દ્વારા જ તેમની પ્રોડક્ટનું શિપમેન્ટ થાય. ફ્લિપકાર્ટએ પણ ધ્યાન રાખે છે કે, પેકિંગમાં ઉપયોગમાં લેવાતી કોઈપણ વસ્તુ રિસાયકલ કે વૈકલ્પિક વસ્તુમાંથી બનાવવામાં આવી હોય, જંગલોને કાપવા પડે તેવી કોઈ વસ્તુનો ઉપયોગ કરતું નથી.

ફ્લિપકાર્ટ બીજા અન્ય પ્રયત્ન પર કામ કરી રહ્યું છે તેમાં નીચેની બાબતો સમાવિષ્ટ છે:

- વન અને સ્રોતની પ્રત્યે જવાબદાર
- પૂરવઠા ચેઇનમાં પ્લાસ્ટિક મુક્ત રિટર્ન
- વેચાણકર્તા માટે પ્લાસ્ટિક-મુક્ત રિટર્ન

આ પ્રયત્નએ ફ્લિપકાર્ટના ટકાઉ વિકલ્પની પ્રતિબદ્ધતાને મજબુત બનાવે છે તથા તેના ટકાઉ વિકાસની દ્રષ્ટિને સાકાર કરશે. એક ઓછા કાર્બન ઉત્સર્જન અર્થતંત્ર તરફના બદલાવને ધ્યાને રાખીને ફ્લિપકાર્ટએ 2030 સુધઈમાં તેના શહેરોના લોજિસ્ટિક નેટવર્કમાં 100 ટકા ઇલેક્ટ્રિક વાહનોને બદલાવશે. ફ્લિપકાર્ટએ તેની કામગીરીમાં ફૂલફિલમેન્ટ સેન્ટર્સ તથા ડેટા સેન્ટર સહિતની સમગ્ર ફેસિલિટીસમાં રિન્યુએબલ ઉર્જાનો ઉપયોગ વધારી તથા પાણી મેનેજમેન્ટના સુધારા માટેના પ્રોજેક્ટ્સ તૈયાર કરવા, કચરાના નિકાલની વ્યવસ્થા અને સમગ્ર ઉર્જાની ઉત્પાદક્તા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ફ્લિપકાર્ટનું એક ડેટા સેન્ટર સમગ્ર રિન્યુએબલ ઉર્જા પર ચાલે છે. ફ્લિપકાર્ટની મોટાભાગની ફેલિસિટીએ આઇએસઓ 14001 સર્ટિફાઈડ છે અને કંપનીના મોટાભાગના મોટા વેરહાઉસ પ્રોજેક્ટ્સએ આઇજીબીસીની ગ્રીન બિલ્ડિંગ માર્ગદર્શિકા અનુસાર વિકસાવવામાં આવ્યા છે.

**About the Flipkart Group**

The Flipkart Group is one of India's leading digital commerce entities and includes group companies Flipkart, Myntra, Flipkart Wholesale and Cleartrip. Started in 2007, Flipkart has enabled millions of consumers, sellers, merchants, and small businesses to be a part of India's e-commerce revolution, with a registered customer base of more than 350 million, offering over 150 million products across 80+ categories. Our efforts to democratize e-commerce in India, drive access and affordability, delight customers, create lakhs of jobs in the ecosystem and empower generations of entrepreneurs and MSMEs have inspired us to innovate on many industry firsts. The recent launch of Flipkart Wholesale, our new digital marketplace, is a testament to our commitment to accelerate the growth of kiranas and MSMEs in India. Flipkart is known for pioneering services such as Cash on Delivery, No Cost EMI and easy returns – customer-centric innovations that have made online shopping more accessible and affordable for millions of Indians. Together with Myntra, which holds a prominent position in the online fashion market, Flipkart Wholesale and Cleartrip, the Flipkart Group will continue to steer the transformation of commerce in India through technology.

For more information, please write to media@flipkart.com